**નામદાર ૧૯મા અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની અદાલતમાં, વડોદરા.**

ફોજદારી કેસ નંબરઃ– ૮૧૫૫/૨૦૨૦
આંકઃ–

ફરીયાદી.. શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપી/ઓ... સતેન્દ્રસિંગ જયસિંગ રાજપૂત

**–:: જજમેન્ટ ::–**

આ કામે ફરીયાદ પક્ષે આરોપી/~~ઓ ઉપર~~ ઈ.પી.કોડ~~/ ગુજરાત પોલીસ એક્ટ/ મોટર વ્હીકલ એક્ટ/ જુગાર ધારા~~ ની કલમઃ–...૨૬૯, ૨૭૦.................. મુજબના ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાના આરોપીને સમન્સ કરતાં આરોપી હાજર થયેલા તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરતા હોવાનું નામ.કોર્ટ રૂબરૂ જાહેર કરેલું છે. તે રીતે આરોપીનુ પ્રાથમિક નિવેદન લેતાં આરોપીએ સ્વૈચ્છીક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે તેઓનો હાલનો પ્રથમ ગુનો છે, તેમની આર્થીક પરિસ્થિતી ખુબ જ નબળી છે, હવે પછી આ પ્રકારની ભુલ કરશે નહી, દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેની સામેના આક્ષેપોનો સ્વીકાર કરતા હોય, આ ગુનાની કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાતરી કરેલ છે. આરોપી ગુનાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સીવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામના આરોપીની રજુઆત તેમજ આર્થીક, સામાજીક, કૌટુંબીક પરીસ્થીતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામા આવે તો ન્યાયનો હેતુ સરે તેમ છે. તે રીતે નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા STATE OF GUJARAT V/S. NATVAR HARKHACHANDJI THAKOR 2005(1) G.L.P.709: 2005(1) GCD 749 મા ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતાં કાયદામાં ઠરાવેલ લઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરી શકે છે તેવુ ઉપરોકત ચુકાદામા ઠરાવેલુ છે. જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

આ કામના આરોપી/ઓ...સતેન્દ્ર જયસિંગ રાજપૂત...... ને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે ઈ.પી.કોડ ~~/ ગુજરાત પોલીસ એક્ટ/ મોટર વ્હીકલ એક્ટ/ જુગાર ધારા~~ની કલમઃ–..૨૬૯, ૨૭૦ના ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક ગુનામા મળી કુલ્લે રૂપીયા.......૨૦૦/-.........( અંકે ......બસો રૂપિયા..) નો દંડની સજા ભોગવવાનો હુકમ કરવામા આવે છે અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨(બે) ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ કામે બિન કિંમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો. અને કિંમતી મુદામાલનો જો અગાઉ વચગાળાનો હુકમ કરવામા આવેલ હોય તો તે હુકમ કાયમ કરી તે હુકમથી લાગેલ શરતો અપીલ સમય બાદ રદ કરવાનો હુકમ કરવામા આવે છે. જો કિંમતી મુદામાલ તરીકે રોકડ રકમ કબજે લેવામા આવી હોય તો આવી રકમ અપીલ સમય બાદ શ્રી સરકાર ખાલસા કરવી.

તા. ૧૦–૦૭–૨૦૨૧
વડોદરા.

પા.નં – ૮૭
દં – ૨૦૦/-
તા. ૧૦/૭/૨૧

(દિપક સુર્યકાન્ત ડાભી)
૧૯માં અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
વડોદરા.
(જજ કોડ–જીજે ૦૧૦૧૮)

X

નાઝર